# લો લાઇબ્રેરીના નવા હોદ્દેદારોની નિમણૂક મુદ્દે વકીલોમાં ગણગણાટ

**ઉનાળાની** કાળઝાળ ગરમીમાં એસી, પંખા ચાલતાં નથી, વકીલમંડળ પણ રજૂઆત કરવાનું મન બનાવી રહ્યું છે

સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ લો લાઈબ્રેરીમાં નવા હોદ્દેદારોની નિમણૂક કરવા બાબતે વકીલોમાં ફરી ગણગણાટ શરૂ થયો છે.

સુરત જિલ્લા ન્યાયાલય સંકુલમાં ધી સુરત ડિસ્ટ્રિક્ટ લો લાઈબ્રેરી કાર્યરત છે, જેમાં ચેરમેન તરીકે સુરતનાં પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ કાયમી હોદ્દો ધરાવે છે. જ્યારે સેક્રેટરી, ટ્રેઝરર, મેનેજિંગ કમિટી અને ઓડિટર્સના હોદ્દા માટે સિલેક્શન અથવા ઈલેક્શન દ્વારા નિમણૂક કરવામાં આવે છે.

આ અંગે સુરત ડિસ્ટ્રિક્ટ લો લાઈબ્રેરી ચેરમેન અને સેક્રેટરીને એડ્વોકેટ જાવેદ મુલતાનીએ રજૂઆત કરી હતી કે છેલ્લાં ૧૨ વર્ષથી કોર્ટ લો લાઈબ્રેરીની ચૂંટણી થઈ નથી. બંધારણ પ્રમાણે એક વર્ષ અથવા બે વર્ષ અથવા ત્રણ વર્ષમાં ચૂંટણી થવી જોઈએ. જે બંધારણ વિરુદ્ધનું કામકાજ આજદિન સુધી ચાલી રહ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં એસી, પંખા ચાલતાં નથી. સુરત જિલ્લા લો લાઈબ્રેરી પાસે અંદાજે ૬૦થી ૭૦ લાખ રૂપિયાની ફિક્સ ડિપોઝિટ છે, જેનો સદુપયોગ થતો નથી. લાઈબ્રેરી ખૂબ જ નાની પડે છે. ફક્ત દસ-બાર ખુરશીઓ છે. ખાસ કરીને હોદ્દેદારોની ચૂંટણી માટે આગ્રહ રાખવામાં આવ્યો હતો. બીજી તરફ સુરત જિલ્લા વકીલમંડળે પણ રજૂઆત કરવાનું મન બનાવી રહ્યું છે

# વરિયાવમાં જુગારધામ પર દરોડામાં હોમગાર્ડ સાથે 19 જુગારી પકડાયા

**ખુલ્લા** ખેતરમાં ચાલતા જુગાર પર પોલીસે રેડ કરી 20 મોબાઈલ, 8 વાહનો અને રોકડ સહિત 7.53 લાખનો મુદ્દામાલ જપ્ત

### પકડાયેલા જુગારીઓ

- નયન મદનભાઈ ચૌહાણ (ઉં.વ.૩૨, હોમગાર્ડમાં નોકરી, રહે., રોહિત મહોલ્લો, વરીયાવ, જહાંગીરપુરા)
- વત્સલ અશ્વિનભાઈ પટેલ (ઉં.વ.૨૭, એડવોકેટની ઓફિસમાં નોકરી, રહે., કોળીવાડ, વરીયાવ, જહાંગીરપુરા) તેમ જ અન્ય 17 જુગારીઓ

### વોન્ટેડ

- જુગારધામ ચલાવનાર મનિષ ડાહ્યાભાઈ પટેલ (રહે., ઘાંસી ફળિયું, વરીયાવગામ, જહાંગીરપુરા)

સુરતઃ જહાંગીરપુરા પોલીસે વરિયાવ ગામે કોતરના કિનારે રેડ કરી મોટા પાયે ચાલતા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. આ દરોડામાં આશ્ચર્યજનક રીતે એક હોમગાર્ડનો જવાન પણ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ જતાં પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે.

જહાંગીરપુરા પોલીસે બાતમીના આધારે ખેતરને ચારે તરફથી ઘેરી લઈને ઓચિંતી રેડ પાડી હતી. પોલીસને જોઈને જુગારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી.આ દરોડા દરમિયાન પોલીસ ત્યારે ચોંકી ઊઠી હતી જ્યારે પકડાયેલા 19 જુગારીઓમાં આરોપીઓમાં એક હોમગાર્ડનો જવાન પણ સામેલ હતો. પોલીસની સાથે ખભેખભા મિલાવી ફરજ બજાવતો જવાન જ જુગારની બાજી માંડીને બેઠો હોવાનું બહાર આવતા ઉચ્ચ અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લીધી છે. પોલીસે રેડ દરમિયાન આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.47,200 અને દાવ પરથી રૂ.4,500 મળી કુલ રૂ.51,700, મોબાઈલ ફોન વિવિધ કંપનીના 20 નંગ મોબાઈલ, જેની કિંમત રૂ.2,62,000, રૂ4.40 લાખના 8 વાહન મળી

પોલીસે કુલ રૂ.7,53,700 ની મત્તા જપ્ત કરી છે. જોકે,આ જુગારધામ ચલાવવામાં જેની મુખ્ય ભૂમિકા હોવાનું મનાય છે તેવો આરોપી મનિષ ડાહ્યાભાઈ પટેલને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# આજે મુખ્યમંત્રીની વરાછામાં રેલી, બસના અનેક રૂટ બંધ રહેશે

**મુખ્યમંત્રીની** રેલી સાથે વિવિધ વિસ્તારોમાં પ્રચારના કારણે ઘણા રૂટ ડાયવર્ટ પણ કરાતાં હજારો અટવાશે



સુરતઃ સુરત મનપાની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે રાજકીય માહોલ ગરમાયો છે.

આ ચૂંટણી પ્રચારના અંતિમ તબક્કામાં ભાજપ દ્વારા એડીચોટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી સુરત ખાતે ભાજપના પ્રચાર માટે આવી રહ્યા છે. જો કે, મુખ્યમંત્રીની રેલી અને પ્રચાર કાર્યક્રમને કારણે સુરત મનપા સંચાલિત સિટી લિંકની સિટી બસ અને બીઆરટીએસ બસના અનેક રૂટ બંધ રહેવાના છે તેમજ અનેક રૂટ ડાયવર્ટ થવાના હોવાથી હજારો લોકોને હાલાકી વેઠવી પડે તેવી શક્યતા છે. તા.23/4/2026 ને ગુરુવારના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુરતની મુલાકાતે આવશે. મુખ્યમંત્રી સાંજે 4 કલાકે વરાછા વિસ્તારમાં 'જનસમર્થન યાત્રા' યોજી ચૂંટણી પ્રચાર કરશે અને જાહેર સભાને સંબોધશે.

આ રેલી નાના વરાછાના ઢાળથી પ્રસ્થાન થઈ ચીકુવાડી, મારૂતિ સુઝુકી શો-રૂમ, બી.એ.પી.એસ. મંદિર, પી.પી. સવાણી હોસ્પિટલ, કાપોદ્રા પોલીસ સ્ટેશન અને કાપોદ્રા ચાર રસ્તા થઈ હીરાબાગ સર્કલ ખાતે સમાપન થશે. મુખ્યમંત્રીના આ રોડ-શો અને સુરક્ષાનાં કારણોસર વહીવટી તંત્ર દ્વારા વરાછા અને આસપાસના વિસ્તારોમાં સિટી બસ તથા બીઆરટીએસના રૂટમાં મોટા પાયે ફેરફાર કરવાની જાહેરાત કરવામાં આવી છે.

# પ્રજા ભાજપથી કંટાળી ગઈ છે, આ વખતે પરિવર્તન નક્કી છેઃ સીસોદીયા

**સુરતમાં** મનીષ સીસોદીયા દ્વારા ભાજપ પર અનેક પ્રહારો

સુરતઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય નેતા અને દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી સિસોદિયાએ સુરતમાં ભાજપનાં 30 વર્ષના શાસન પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સુરત સહિત સમગ્ર ગુજરાતની જનતા હવે ભાજપથી કંટાળી ગઈ છે અને આ વખતે પરિવર્તન નક્કી છે. સિસોદિયાએ કહ્યું કે, પાંચ વર્ષ પહેલાં સુરતના લોકોએ 120માંથી 27 બેઠકો આપી આમ આદમી પાર્ટી પર વિશ્વાસ મૂક્યો હતો. વિરોધ પક્ષમાં હોવા છતાં 'આપ'ના કાઉન્સિલરોએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું છે. હવાલા અને આંગડિયા મુદ્દે ભાજપને ઘેરતા સિસોદિયાએ પડકાર ફેંક્યો કે, જો હિંમત હોય તો એક મહિનાનું સીસીટીવી ફૂટેજ જાહેર કરવામાં આવે, જેથી સત્ય બહાર આવે. તેમણે આરોપ લગાવ્યો કે, ભાજપ શાસનમાં આંગડિયા કારોબાર કોના સંરક્ષણમાં ચાલી રહ્યો છે તે સ્પષ્ટ થવું જોઈએ.

# અમદાવાદી ચાંપાનેરી ઘાંચી સમાજે મતદાનનો બહિષ્કાર કર્યો નથી

**બે દિવસ** પહેલાં એક સભ્યએ બહિષ્કારનો લેટર વહેતો કર્યો, આજે સમાજની સંસ્થાના લેટર પેડ પર સ્પષ્ટતા કરાઈ

સુરતઃ મહાનગરપાલિકાની ચૂંટણીમાં અમદાવાદી ચાંપાનેરી ઘાંચી સમાજે મતદાનનો બહિષ્કાર કર્યો નથી તેવી સ્પષ્ટતા સમાજના અગ્રણી દ્વારા કરવામાં આવી છે. સમાજના અગ્રણીઓએ જણાવ્યું છે કે, લોકશાહીને જીવંત રાખવા માટે અવશ્ય મતદાન કરવા માટે મંડળ દ્વારા પત્ર લખીને ખાસ હાંકલ કરવામાં આવી છે. સમાજે જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા પર ટિકિટ ફાળવણી બાબતે જે ગેરસમજ ફેલાઈ રહી છે તેમાં કોઈ તથ્ય નથી. કારણ કે છેલ્લાં 10 વર્ષમાં સમાજને પૂરતું રાજકીય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે અને હાલની ચૂંટણીમાં પણ મતદાન બહિષ્કારની કોઈ વાત જ નથી. સમાજ ક્યારેય રાજકીય બાબતોમાં સીધી દખલ કરતો નથી. પરંતુ તમામ નાગરિકોને મતદાનની પ્રેરણા આપતો હોય છે.

# તબીબના મૃતક પિતાની નકલી સહી કરી કરોડોના પ્લોટ પડાવી લીધા

**અડાજણના** તબીબની ફરિયાદને પગલે સરોલીના રમેશ પટેલ, અડાજણની આશા કહાર સામે ગુનો દાખલ

સુરતઃ અડાજણ વિસ્તારમાં મૃતક માણસને જીવતો કરી તેના નામે બોગસ દસ્તાવેજો ઊભા કરી કિંમતી જમીન પચાવી પાડવાનું કૌભાંડ આચર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

અડાજણની સુગમ સોસાયટીમાં રહેતા ૪૧ વર્ષીય ડોક્ટર અંકુરભાઈ ઠાકોરભાઈ પટેલે ફરિયાદ નોંધાવી છે કે, તેમના પિતા ઠાકોરભાઈની માલિકીની જમીન અડાજણના રેવન્યુ સરવે નં. ૩૪/૩ હેઠળ ટી.પી. સ્કીમ નં. ૧૨માં આવેલી છે. આ જમીન પર નિર્મિત 'અંકુર કો-ઓ.હા.સોસા.'માં પ્લોટ નં. ૧, ૨ અને ૧૮ આવેલા છે. આ કિંમતી પ્લોટો પર સરોલી ગામના રમેશભાઈ રામુભાઈ પટેલ અને અડાજણ રોડ પર રહેતી આશાબેન દેવચંદભાઈ કહારની નજર બગડી હતી. ડોક્ટર અંકુરભાઈના પિતા ઠાકોરભાઈનું વર્ષ ૨૦૦૨માં અવસાન થયું હતું. આમ છતાં, આરોપીઓએ ઠાકોરભાઈ જીવતા હોવાનું દર્શાવી તેમની ખોટી સહીઓ કરી પ્લોટના બોગસ વેચાણ દસ્તાવેજો અને કબ્જા રસીદ બનાવી લીધી હતી.

આ કૌભાંડની તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે પ્લોટ નં. ૧ માટે જે સ્ટેમ્પ પેપર વાપરવામાં આવ્યો, તેના પર લખાણની તારીખ સ્ટેમ્પ ખરીદવાની તારીખ કરતાં પહેલાની દર્શાવવામાં આવી હતી. આરોપીઓએ એક જ સ્ટેમ્પ પેપર નંબરનો ઉપયોગ કરી પ્લોટ નં. ૧ અને ૨ એમ બે અલગ-અલગ મિલકતોના બોગસ દસ્તાવેજો તૈયાર કર્યા હતા. પ્લોટ નં. ૧૮માં આરોપીઓનો કોઈ કાયદેસરનો હક્ક ન હોવા છતાં, મિલકત હડપવાના ઈરાદે 'ફેમિલી મેનેજમેન્ટ'નો બનાવટી કરાર પણ ઊભો કરવામાં આવ્યો હતો. પોતાની પિતૃક સંપત્તિમાં આ પ્રકારે મોટું કૌભાંડ આચરાયું હોવાની જાણ થતાં જ ડોક્ટર અંકુર પટેલે તાત્કાલિક પુરાવાઓ સાથે અડાજણ પોલીસમથકનો સંપર્ક કર્યો હતો. પોલીસે રમેશ પટેલ અને આશાબેન કહાર વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# સરદાર બ્રિજ પર ડિવાઈડર સાથે બાઈક અથડાતાં સ્કેટ કોલેજના વિદ્યાર્થીનું મોત

**મંગળવારે** સાંજે કોલેજનું પ્રસંગ પૂરું કરીને બે મિત્ર ઘરે પરત ફરી રહ્યા હતા

સુરતઃ સરદાર બ્રિજ પર સ્કેટ કોલેજના બે મિત્રની બાઈક ડીવાઈડર સાથે અથડાતા એકનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય મિત્રને સામાન્ય ઈજા થઈ હતી. મંગળવારે સાંજે કોલેજનું પ્રસંગ પૂરું કરીને ઘરે જતી વખતે અકસ્માત સર્જાયો હતો.

મળેલી માહિતી મુજબ, અડાજણ ગામ અગિયારી મહોલ્લામાં ભાવિનભાઈ મૈસૂર્યા પરિવાર સાથે રહે છે અને તે કોમ્પ્યુટરની દુકાન ચલાવે છે. ભાવિનભાઈનો એકના એક 18 વર્ષીય પુત્ર જેસલ સ્કેટ કોલેજના MCAના પહેલા વર્ષમાં અભ્યાસ કરતો હતો. મંગળવારે સાંજે જેસલના કોલેજમાં પ્રસંગ હોવાથી તે પ્રસંગમાં આવ્યો હતો. પ્રસંગ પૂરું કર્યા બાદ જેસલ તેના જ્ઞાન નામના મિત્ર સાથે તેની બાઈક પર ઘરે જવા માટે નિકળ્યો હતો. દરમિયાન જેસલ બાઈક ચલાવી રહ્યો હતો અને જ્ઞાન પાછળ બેઠો હતો. ત્યારે સરદાર બ્રિજ પરથી પસાર થતી વખતે જેસલનું બાઈક ડીવાઈડર સાથે અથડાઈ હતી. જેમાં જેસલને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને જ્ઞાનને સામાન્ય ઈજા થઈ હતી. ગંભીર ઈજાગ્રસ્ત જેસલને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જેસલને મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે અડાજણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

## વોર્ડ નંબર 25: લિંબાયત-ઉધના યાર્ડ

# પાતળી બહુમતીથી ભાજપ જિત્યું હતું, મરાઠી અને ઉત્તરભારતીય મતો નિર્ણાયક

સુરતઃ સુરત મહાનગરપાલિકાનો વૉર્ડ નંબર 25 એ શહેરના લિંબાયત અને ઉધના ઝોનના સંગમ સ્થાને આવેલો વિસ્તાર છે. આ વૉર્ડની ઓળખ મુખ્યત્વે રેલવે યાર્ડ, મોટી રેલવે કોલોનીઓ અને આસપાસ વસેલી શ્રમિક વસાહતોને કારણે છે. રાજકીય રીતે આ વિસ્તાર ખૂબ જ સંવેદનશીલ અને સક્રિય માનવામાં આવે છે. વર્ષ 2021ની ચૂંટણીમાં અહીં ભાજપનો વિજય થયો હતો, પરંતુ લિંબાયત વિસ્તાર હોવાથી અહીંના સમીકરણો હંમેશા રસપ્રદ રહે છે. અગાઉ અહી કુલ 88,855 મતદારો અને 90 બુથ હતા જો કે એસઆરઆઇ બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 62,077 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 68 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના કવિતા એનાગંડુલા, કાન્તા વાકોડીકર, વિક્રમ પાટીલ અને ભુષણ પાટીલ જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી કોંગ્રેસના ચારેય ઉમેદવારો રહ્યા હતા. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 70,992 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 43,406 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 27,586 મતોનું અંતર હતું. વર્ષ 2021થી ચીત્રમાં આવેલી આમ આદમી પાર્ટીનો પ્રભાવ અહી ક્રમશ વધ્યો છે. આ વખતે અહી આપ અને ભાજપ વચ્ચે સીધો જંગ છે. કોંગ્રેસ ચીત્રમાં હોય તેવી સ્થિતી નથી.

### જાતિગત સમીકરણ

આ વૉર્ડમાં વસ્તીનું માળખું અત્યંત વૈવિધ્યસભર છે. અહીં મહારાષ્ટ્રથી આવીને વસેલા મરાઠી ભાષી લોકોની સંખ્યા સૌથી વધુ છે, જેઓ દાયકાઓથી સુરતને પોતાની કર્મભૂમિ બનાવી ચૂક્યા છે. આ ઉપરાંત, ઉત્તર પ્રદેશ અને બિહારના શ્રમિકો પણ અહીં મોટી સંખ્યામાં છે. રેલવે કર્મચારીઓની વસાહત હોવાને કારણે અહીં એક શિક્ષિત કર્મચારી વર્ગ પણ છે. લઘુમતી સમુદાયના મતદારો પણ ચોક્કસ વિસ્તારોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. એકંદરે આ વૉર્ડમાં શ્રમિક અને નિમ્ન મધ્યમ વર્ગનું વર્ચસ્વ જોવા મળે છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

વૉર્ડ નંબર 25 માં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પરંપરાગત જંગ રહેતો આવ્યો છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આમ આદમી પાર્ટીએ પણ અહીં પોતાની હાજરી નોંધાવી છે.

**પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા**

પુરુષ મતદારોઃ 33,149
સ્ત્રી મતદારોઃ 28,926
કુલ મતદારોઃ 62,077

**ખાડી અને પાણી ભરાવાની સમસ્યાઃ** લિંબાયતના અન્ય વિસ્તારોની જેમ અહીં પણ મીઠીખાડી ઉભરાવાની સમસ્યા સૌથી મોટી છે. ચોમાસામાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાથી હજારો પરિવારોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

**ગેરકાયદે બાંધકામ અને સાંકડા રસ્તાઃ** શ્રમિક વસાહતોમાં થયેલા અનિયમિત બાંધકામોને કારણે રસ્તાઓ અત્યંત સાંકડા છે, જેના લીધે ફાયર બ્રિગેડ કે એમ્બ્યુલન્સ જેવી સેવાઓ પહોંચાડવામાં પણ મુશ્કેલી પડે છે. સફાઈ અને ગટરની લાઈનો વારંવાર બ્લોક થવાની ફરિયાદો પણ રહે છે.

**જાહેર સુવિધાઓનો અભાવઃ** આટલી મોટી વસ્તી હોવા છતાં અહીં સારા બગીચા, પૂરતા સરકારી દવાખાના અને લાઈબ્રેરી જેવી સુવિધાઓની માંગણી સતત થતી રહે છે. રેલવે લાઈનની નજીકના વિસ્તારોમાં પ્રદૂષણ અને ગંદકીના પ્રશ્નો પણ જોવા મળે છે.





### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ લિંબાયત અને ઉધનાની વચ્ચે વિસ્તરેલો છે. તેમાં ઉધના રેલવે યાર્ડનો મોટો ભાગ, રેલવે કોલોની, લિંબાયતના ચોક્કસ વિસ્તારો અને આસપાસના મહોલ્લાઓનો સમાવેશ થાય છે. આ વૉર્ડની એક તરફ રેલવેની મુખ્ય લાઈન છે અને બીજી તરફ ગોડાદરા તથા લિંબાયતના અન્ય વોર્ડની સરહદો આવેલી છે. રેલવે સ્ટેશનની નજીક હોવાને કારણે આ વિસ્તાર વ્યૂહાત્મક રીતે પણ મહત્વનો છે.

## સુરત મનપામાં મેયરથી માંડીને ભાજપ પ્રમુખ બનનાર ખત્રીઓ રાજકીય હાંસિયામાં ધકેલાયા

# એક સમયે ખત્રી સમાજના 18 કોર્પો. હતા, આજે 1-2 જ છે



**વોર્ડ** સીમાંકનમાં ખત્રીઓની વોટબેંક વિખેરાઈ ગઈ અને નવી પેઢી હવે રાજકારણમાં આવવા તૈયાર નથી

**ખત્રીઓ** નહીં જાગે તો ભવિષ્યમાં મતદાર બનીને રહી જશેઃ ડો. પંકજ ગાંધી

સુરતઃ સુરતને મેયર, સ્થાયી ચેરમેન, પ્રમુખ પદ શોભાવનાર ખત્રી કોર્પોરેટરોની સંખ્યા ઘટી રહી છે. એક સમયે 18 રહેતા, હવે 1 કે 2 જ રહે છે.

સુરત શહેરની સ્થાપના અને તેના વિકાસના ઈતિહાસમાં જો કોઈ એક જ્ઞાતિનું નામ સુવર્ણ અક્ષરે અંકિત હોય તો તે 'ખત્રી સમાજ' છે.

સુરત મહાનગરપાલિકામાં એક સમય એવો હતો જ્યારે સુરત કોર્પોરેશનમાં 60%થી વધુ સભ્યો ખત્રી સમાજના રહેતા. મદનલાલ બુનકી અને નગીનદાસ બારડોલીવાલા જેવા દિગ્ગજ નેતાઓએ મેયર તરીકે શહેરનું સુકાન સંભાળ્યું હતું. એટલું જ નહીં, તેઓએ વર્ષો સુધી સુરત કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી. શંકરભાઈ ચેવલીએ ડેપ્યુટી મેયર તરીકે અને નલીન કડીવાલા તથા રણજીત ચીમનાએ કોર્પોરેટર અને SMCની વિવિધ સમિતિઓના ચેરમેન તરીકે શહેરના વિકાસમાં પાયાનું યોગદાન આપ્યું હતું. ભગવાનદાસ લેખડિયા સતત 10 વર્ષ સુધી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહ્યા હતા.

જો કે, વોર્ડ સીમાંકનના રાજકીય ગણિતમાં ખત્રીઓની વોટબેંકને વિખેરી દેવામાં આવી છે અને નવી પેઢી સાર્વજનિક નેતૃત્વથી દૂર જઈ રહી છે. જે રીતે અમદાવાદી ઘાંચી જ્ઞાતિએ એકજૂથ થઈને પોતાની રાજકીય તાકાત બતાવી છે, તેમાંથી શીખ લઈને ખત્રી સમાજે પણ હવે જાગવું પડશે. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીમાં જો ખત્રી અને અન્ય મૂળ સુરતી સમાજો સંગઠિત નહીં થાય, તો ભવિષ્યમાં આપણે માત્ર 'મતદાર' બનીને રહી જઈશું તેમ ડો. પંકજ ગાંધી કહી રહ્યા છે.

## વોર્ડ નંબર 26ઃ ગોડાદરા - ડિંડોલી (ઉત્તર)

# ભાજપના સિનિયર નેતાઓની શાખ અહીં દાવ પર

સુરતઃ સુરત મહાનગરપાલિકાનો વૉર્ડ નંબર 26 એ શહેરના લિંબાયત ઝોનનો એક મહત્વનો અને ઝડપથી વિસ્તરી રહેલો વૉર્ડ છે. આ વૉર્ડમાં ગોડાદરાનો મુખ્ય ભાગ અને ડિંડોલીના ઉત્તર તરફના વિસ્તારોનો સમાવેશ થાય છે. છેલ્લા એક દાયકામાં આ વિસ્તારમાં વસ્તી વિસ્ફોટ થયો છે, કારણ કે શહેરના અન્ય ભાગોમાંથી લોકો અહીં સ્થાયી થયા છે. રાજકીય રીતે આ વિસ્તાર ભાજપ માટે મજબૂત ગણાય છે, પરંતુ બદલાતા સમીકરણો વચ્ચે વિપક્ષો પણ અહીં પોતાનું જોર લગાવી રહ્યા છે. અગાઉ અહી કુલ 1,00,162 મતદારો અને 100 બુથ હતા જો કે એસઆરઆઈ બાદ અહી 30 હજાર જેટલા મતદારો કમી થયા છે. નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 70,214 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 75 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના અલકા પાટીલ, વર્ષા બલદાણિયા, અમિતસિંહ રાજપુત અને નરેશ પાટીલ જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી કોંગ્રેસ રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 1,05,775 મતો મળ્યા હતા. જયારે કોંગ્રેસને 23,259 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 82,516 મતોનું અંતર હતું. આ વખતે પણ ભાજપે સીનીયર નેતાઓ પર્વ શાસકપક્ષ નેતા અમિતસિંહ રાજપુત અને પુર્વ ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલને ટીકીટ આપી હોવાથી ભાજપના મોટા નેતાઓની શાખ અહી દાવ પર લાગી છે.

### જાતિગત સમીકરણ

વૉર્ડ નંબર 26 માં ભાજપની પકડ મજબૂત હોવા છતાં, સ્થાનિક સ્તરે રહીશોમાં કેટલીક પાયાની સુવિધાઓને લઈને અસંતોષ જોવા મળે છે.

**પીવાનું પાણી અને ડ્રેનેજઃ** ગોડાદરાના કેટલાક વિસ્તારોમાં હજુ પણ પીવાના પાણીના ઓછા પ્રેશર અને લાઈનોના નેટવર્કને લઈને ફરિયાદો ઉઠે છે. ગટરની જૂની લાઈનો ઉભરાવાની સમસ્યા પણ ચોમાસા દરમિયાન વિકટ બને છે.

**ટ્રાફિક અને બ્રિજની સમસ્યાઃ** ગોડાદરાથી ડિંડોલી તરફ જતા રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે. રેલવે ક્રોસિંગ અને સાંકડા રસ્તાઓને કારણે પીક અવર્સમાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. નવા બ્રિજ અને રસ્તાના પહોળીકરણની કામગીરીની માંગ અહીં લાંબા સમયથી છે.

જાહેર આરોગ્ય અને બગીચાઃ વધતી વસ્તીની સામે પૂરતા પ્રમાણમાં અદ્યતન આરોગ્ય કેન્દ્રો અને બાળકો માટે રમતગમતના મેદાનો કે બગીચાઓનો અભાવ છે. ખાડીની સફાઈ અને તેની આસપાસના વિસ્તારોમાં થતું પ્રદૂષણ પણ સ્થાનિકો માટે ચિંતાનો વિષય છે.

### જાતિગત સમીકરણ અને વસતીનું માળખું

આ વૉર્ડમાં વસ્તીનું માળખું વિવિધતા ધરાવે છે. અહીં મહારાષ્ટ્રીયન (મરાઠી ભાષી) અને ઉત્તર ભારતીય (હિન્દી ભાષી) મતદારોની સંખ્યા સૌથી વધુ છે. આ ઉપરાંત, સૌરાષ્ટ્રથી આવીને વસેલા મધ્યમ વર્ગના પરિવારો પણ અહીં મોટી સંખ્યામાં રહે છે. આ વિસ્તારમાં રત્નકલાકારો, કાપડ બજારના શ્રમિકો અને નાના વેપારીઓનો મોટો વસવાટ છે. ડિંડોલી ઉત્તરના ભાગમાં શિક્ષિત મધ્યમ વર્ગ અને સરકારી કર્મચારીઓ પણ નોંધપાત્ર સંખ્યામાં છે.

**પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા**

પુરુષ મતદારોઃ 38,528
સ્ત્રી મતદારોઃ 31,668
કુલ મતદારોઃ 70,214

### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ લિંબાયત ઝોનમાં આવેલો છે અને તેની સીમાઓ પર પર્વત ગામ, લિંબાયત અને ડિંડોલી દક્ષિણના ભાગો આવેલા છે. ગોડાદરા મેઈન રોડ, મહારાણા પ્રતાપ ચોક આસપાસનો વિસ્તાર અને ડિંડોલી તરફ જતી નહેર પાસેની સોસાયટીઓ આ વૉર્ડનો મુખ્ય ભાગ છે. આ વૉર્ડની કનેક્ટિવિટી રીંગ રોડ અને કડોદરા રોડ સાથે હોવાથી તેનું ભૌગોલિક મહત્વ ઘણું વધારે છે.

